## ગુજરાતી ધોરણ : 8 પ્રથમ સત્ર

## પાઠ - 6 'બકોર પટેલનો કારેલાંપ્રયોગ' એકમ ટેસ્ટ કુલ ગુણ ૨૫

---

**પ્રશ્ન ૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. 'બકોર પટેલનો કારેલાંપ્રયોગ' હાસ્યકથાના લેખક કોણ છે?

.......................................................................................................................................

૨. હરિપ્રસાદ વ્યાસે કયા જાણીતા પાત્રોનું સર્જન કર્યું છે?

.......................................................................................................................................

૩. બકોર પટેલે કારેલાંના વખાણ ક્યાં વાંચ્યા હતા?

.......................................................................................................................................

૪. ગોપાળદાસ બકોર પટેલને ત્યાં કેટલા સમય માટે રહેવા આવવાના હતા?

.......................................................................................................................................

૫. ગોપાળદાસ શાના ભારે શોખીન હતા?

.......................................................................................................................................

**પ્રશ્ન ૨. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો અથવા ખરા કે ખોટાની નિશાની કરો. [૫ ગુણ]**

(હાસ્યકથા, ઓસડ, કારેલાંલટ્ટુ, શિખંડ, લીમડાનો રસ)

૧. 'બકોર પટેલનો કારેલાંપ્રયોગ' એક સરસ _______________ છે.

૨. કારેલાંના જેવું ______________ બીજું એકે નહિ!

૩. પટેલનો કારેલાં ખાવાનો શોખ વધતો ગયો, ને તેઓ જાણે ____________ બની ગયા!

૪. શકરી પટલાણીએ ગોપાળદાસ માટે ___________ મંગાવવાની વાત કરી.

૫. ગુડી પડવાના દિવસે બકોર પટેલે ગોપાળદાસને _____________ પીવા આપ્યો.

**પ્રશ્ન ૩. નીચે આપેલા ગદ્યખંડને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [૫ ગુણ]**

સામે જ પીરસેલાં ભાણાં હતાં. અંદરની વાનગીઓ જોઈ ગોપાળદાસની આંખો પહોળી થઈ ગઈ! તેમણે થાળી સામે ટીકી-ટીકીને જોયા કર્યું ! પટેલે સમજ પાડવા માંડી: 'દાસભાઈ ! આ છે કારેલાંનું શાક ! દાળમાં જે તરે છે તે કારેલાં અને મેથી છે. મેથીની કડવાશ પણ બહુ ગુણકારી. તેથી તો અમે મેથીનું અથાણું પણ નાખ્યું છે. આ પીરસ્યું છે તે મેથીનું અથાણું. ચાખજો તો ખરા. બહુ કડવું નહિ લાગે." "આ શું છે?" "એ રીંગણ અને મેથીની

ભાજીનું શાક છે !' ગોપાળદાસે રસોડામાં આમતેમ જોયું. વધારામાં રોટલી અને ભાત જ હતાં ! શિખંડ, બાસુંદી, બરફી, સૂતરફેણી, દૂધપાક, ઘારી, મગજ, મોહનથાળ વગેરે જ તેમને તો ભાવે. જ્યારે-જ્યારે પટેલને ત્યાં આવે ત્યારે આવી મીઠાઈ અચૂક હોય. આજે તેવી એક પણ નહિ! આજે કારેલાં જ કારેલાં ! ને વધારામાં કારેલાંનાં રવૈયાં !

૧. જમવા બેસતી વખતે ગોપાળદાસની શી પ્રતિક્રિયા હતી?..............................................

૨. બકોર પટેલે જમવામાં કઈ વાનગીઓ પીરસી હતી? ..............................................

૩. ગોપાળદાસને કઈ કઈ મીઠાઈઓ ભાવતી હતી? ..............................................

૪. આ વખતે જમવામાં ગોપાળદાસને ભાવતી મીઠાઈઓ કેમ ન હતી?

..................................................................................................................

૫. આ ગદ્યખંડ વાર્તાના કયા રસને ઉજાગર કરે છે? ..................................................

**પ્રશ્ન ૪. સૂચના મુજબ કરો. [૫ ગુણ]**

**૧. નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપો.**

**આંખો પહોળી થઈ જવી: અર્થ:**

**૨. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

**બે-પાંચ પાનાંનું પતાકડું:**

**૩. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

**ઓસડ: ઉબકો:**

**૪. નીચે આપેલા વાક્યને કર્મણિ પ્રયોગમાં ફેરવો.**

**બકોર પટેલે કારેલાં ખાધાં. -**

**૫. નીચે આપેલા વાક્યને ભાવે પ્રયોગમાં ફેરવો.**

**ગોપાલદાસ હસ્યા. -**

**પ્રશ્ન ૫. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. ગોપાળદાસે બકોર પટેલને ત્યાંથી વહેલા વિદાય થવા માટે શું બહાનું કાઢ્યું? તે શા માટે ભાગ્યા હશે?

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

૨. 'બકોર પટેલનો કારેલાંપ્રયોગ' હાસ્યકથામાંથી તમને સૌથી વધુ રમૂજ કયા પ્રસંગમાં આવી અને શા માટે?

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

shikshansagar.com The King of Education શિક્ષણ સાગર